વર્ષ-૨૦૧૮-૧૯ માં આયોજન હેઠળ નવી બાબત તરીકે સ્ટેટ પોલીસ કમ્પ્લેઇન્ટસ ઓથોરીટીની કચેરી માટે ચાર નવી જગ્યા મંજૂર કરવા તથા મંજૂર થયેલ જોગવાઇની વહીવટી મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક:એનપીસી/૧૦૨૦૧૮/૧૮૧/ક
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૧૦/૦૪/૨૦૧૮

સંદર્ભ:

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગાંધીનગરનો તા.૦૬/૦૧/૨૦૧૮ નો પત્ર ક્રમાંક:બ/૧૫૩૬/નવી સેવા-૨૦૧૮-૧૯/૩૮/૨૦૧૮

ઠરાવ:-

વાર્ષિક યોજના ૨૦૧૮-૧૯ હેઠળ સ્ટેટ પોલીસ કમ્પ્લેઇન્ટસ ઓથોરીટી, ગાંધીનગરની કચેરી માટે ૦૪ (ચાર) નવી જગ્યા મંજૂર કરવા તથા આ જગ્યા માટે ૨૦૧૮-૧૯ ના વર્ષમાં રૂ.૩૪,૦૦૦૦૦/- (અંકે રૂપિયા ચોત્રીસ લાખ પુરા) ની જોગવાઇ કરવા સંદર્ભમાં દર્શાવેલ તારીખ:૦૬/૦૧/૨૦૧૮ ના પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગાંધીનગરના પત્રથી દરખાસ્ત કરવામાં આવી હતી. આ દરખાસ્ત અન્વયે ગૃહ વિભાગના વર્ષ-૨૦૧૮-૧૯ ના અંદાજપત્રના પ્રકાશન નં.૧૨ના પાના નંબર:૨૫ ઉપર આયોજન હેઠળ નવી બાબત તરીકે મંજૂર કરવામાં આવેલ છે. પુખ્ત વિચારણાના અંતે સ્ટેટ પોલીસ કમ્પ્લેઇન્ટસ ઓથોરીટીની કચેરી માટે નીચે દર્શાવેલ જગ્યાઓ મંજૂર કવામાં આવે છે.

| અ.નં. | હોદ્દો | જગ્યાની સંખ્યા | પગાર ધોરણ |
|---|---|---|---|
| ૧ | બિન હથિયારી પોલીસ ઇન્સ્પેક્ટર | ૦૧ | ૪૪૯૦૦-૧૪૨૪૦૦ |
| ૨ | સ્ટેનો ગ્રેડ-૧ (ગુજરાતી) | ૦૧ | ૪૪૯૦૦-૧૪૨૪૦૦ |
| ૩ | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૦૧ | ૧૮૦૦૦-૫૬૯૦૦(૧૯૯૫૦ ફીકસ) |
| ૪ | ડ્રાઇવર પોલીસ કોન્સ્ટેબલ | ૦૧ | ૧૮૦૦૦-૫૬૯૦૦(૧૯૯૫૦ ફીકસ) |

ઉપર દર્શાવેલ જગ્યા માટે કરેલ રૂ.૩૪,૦૦૦,૦૦/-(અંકે રૂપિયા ચોત્રીસ લાખ પુરા) ની જોગવાઇના ખર્ચ માટે નીચે દર્શાવેલ શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યનો સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટ અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) વર્ગ-૨ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ અનુસાર ઠરાવેલ રેશીયો મુજબ ભરવા કાર્યવાહી કરવાની રહેશે.

(૮) વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪/૦૬/૨૦૦૯ ના ઠરાવથી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૯) વિભાગે ડ્રાઇવર અને વર્ગ-૪ ની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઇ મુજબ મંજૂર થયેલ બજેટ જોગવાઇની મર્યાદામાં આઉટસોર્સીંગથી કરાવવાની રહેશે.

(૧૦) જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી વિભાગની રહેશે.

(૧૧) સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૦૩/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક:નપન/૨૦૦૩/જીઓઆઇ/૧૦(પા.ફા)ની જોગવાઇ પ્રમાણે રાજય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૧૨) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતા વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૩) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૪) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટરની કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૧૫) રાજય સરકાર દ્વારા વખતો વખત નિયત કાર્યભારણનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૬) આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પુરી થતા પહેલાના એક માસ અગાઉ નાણાંકીય સલાહકારશ્રીને રજૂ કરી વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ સદરે ઉધારવાનો અને તે હેઠળ નાણાંકીય વર્ષ-૨૦૧૮-૧૯ ના અંદાજપત્રમાં મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

| | |
|---|---|
| (૧) માંગણી ક્રમાંક | :૪૩ |
| (૨) મુખ્ય સદર | :૨૦૫૫-પોલીસ |
| (૩) પેટા મુખ્ય સદર | :00 |
| (૪) ગૌણ સદર | :00૧ નિર્દેશ અને વહીવટ |
| (૫) પેટા સદર | :0૩ સ્ટેટ પોલીસ કમ્પ્લેઇન્ટસ ઓથોરીટીના વ્યવસ્થાપન અંગે |
| (૬) ખર્ચનો પ્રકાર | :આયોજન/મતપાત્ર |
| (૭) હેડ ચાર્જેબલ | :૨૦૫૫ 00 00૧ 0૩ |
| (૮) પ્લાન યોજનાનો ૬ ડીઝીટ પ્લાન કોડ | :૧૧૪૫૪૬ |

૪૫

૩૨૫૩૭

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૦૩/૦૪/૨૦૧૮ ની નોંધથી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે.સી.પટેલ

(કે.સી.પટેલ)

સેકશન અધિકારી,

ગૃહ વિભાગ

10 APR 2018

૧૦/૪/૧૮

પ્રતિ,

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર
- ચેરમેનશ્રી, સ્ટેટ પોલીસ કમ્પ્લેઇન્ટસ ઓથોરીટી, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, (એ એન્ડ ઈ), ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- સ્થાનિક ત્પાસણી અધિકારીશ્રી, ગાંધીનગર
- નાણાંકીય સલાહકારશ્રી (ગૃહ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી(આયોજન), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ઉપ સચિવશ્રી(ખ.૩) સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ઉપ સચિવશ્રી, ક-શાખા, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ઉપ સચિવશ્રી, બ-શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, સ-શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, આર-શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શાખા સિલેકટ ફાઇલ/નાયબ સેકશન અધિકારીશ્રી સિલેક્ટ ફાઇલ